# સૌરાષ્ટ્રનો સાધુ

ૐ

લેખકઃ—

ન્હાનાલાલ દલપતરામ કવિ

# પ્રકાશકના બે બોલ

આટલા ન્હાના પુસ્તકને પરતાવનાની જરૂર શી હોય ? તોપણ નિયમ પ્રમાણે બે બોલ લખવા અસ્થાને નહિ ગણાય.

સ્વર્ગનાં પુસ્તકો લખનાર સ્વ. વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયારનું નામ ગુજરાત–કાઠીયાવાડમાં જાણીતું છે; તેમના જીવન વિંદુમાં પણ પૂરી વિગતવાળું સ્નેહભાવ પૂર્ણ અને હૃદયના ઉભરાથી છલકાતું " સૌરાષ્ટનો સાધુ " એ નામનું એક કાવ્ય સ્વ. ના પરમ સ્નેહી મિત્ર રા. ન્હાનાલાલ દલપતરામ કવિએ રચેલું છે; તેને પુસ્તક આકારમાં થોડી પ્રતો છપાવી સ્વ. પઢીયારની સંવત્સરી નિમિત્તે લોકોમાં ફેલાવાય તો સારૂં એમ ધારી અમે તે પ્રસિદ્ધ કર્યું છે. આશા છે કે વાચકો તેનો રૂડો ઉપયોગ કરશેજ

પઢીયારની પુણ્ય તીથિ
અષાડ વદી ૫
સં. ૧૯૭૧

પ્રકાશક

આ પુસ્તક અમદાવાદમાં–શ્રી પ્રજાહિતાર્થ મુદ્રણયંત્રમાં પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપ્યું અને વેણીશંકર વહાલજી પઢીયારે (મુ. ચોરવાડ, કાઠીયાવાડ) પ્રસિદ્ધ કર્યું.

“મેં જે ભોગવ્યું તે હું કમાયો, જે બચાવ્યું તે મેં ખોયું અને મેં જે દાન કર્યું તે મ્હારી પાસે છે.”



“સ્વર્ગ એટલે મહાત્માઓ કબુલ રાખે તેવું ઉંચામાં ઉંચી જાતનું સુખ. સ્વર્ગ એટલે અંતરાત્માને તૃપ્તિ થાય તેવી સ્થિતિમાં રહેવું તે, અને સ્વર્ગ એટલે પ્રભુમય જ્ઞાન તથા પ્રભુ પોતે.” આવો મહાન સ્વર્ગ શબ્દનો અર્થ છે. **સ્વ. નો મહામંત્ર**

**સદ્ગત વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર.**

જન્મ, ચૈત્ર સુદ ૨, સં. ૧૯૨૬.    મરણઃ અષાડ વદ ૫, સં. ૧૯૭૫.

# સૌરાષ્ટ્રનો સાધુ.

રચનાર:

ન્હાનાલાલ દલપતરામ કવિ. એમ. એ.

સૌરાષ્ટ્રીઓ! સહુ સૂણજો,
સોરઠ સાધુસૂનો થતો જાય છે.
ને એ સાધુયે ગયો
સાન્ત તજી અનન્તમાં,
લીલા તજી અક્ષરમાં.
એ ગયો અવનીમાંથી ઉપર,
જે ચાલ્યે જ જાય છે એમની એમ
જગતની આ ઘટમાળ.

શૃંગાળાં ગિરનારનાં શિખરો
હવે સૂનાં સરિખડાં છે.
એ મુગટોમાં મણિઓ નથી.
ત્હેની પ્રિય ટેકરીઓને ખોળે
તે પોઢ્યો મૃત્યુસમાધિમાં;
ત્હેના પ્રિય સાગરજલમાં
ઠરી ત્હેની દેહભસ્મ.

મ્હારે તો હતી
સુંદર વર્ષની પિછાન એ સાધુજનની,

પણ તે પંદર તિથિઓના જેવી.
દિને દિને ઔર ઉઘડતી
એ અમૃતની ચન્દ્રકલા.
પૂર્ણિમા પ્રકાશી એ સુધાકરની,
ને કૃષ્ણપક્ષ બેઠા પછી.

અમે એને બાવાજી કહેતા.
એની ફૂંકથી દુઃખ ફીટતા,
એના અડકવાથી રોગ મટતા.
સચ્ચિદાનન્દના એના જયધ્વનિ હતા.
ઓમ્નો શંખનાદ ગજવતો તે આવતો,
ઉમંગ ને ઉત્સાહના પ્યાલા પાતો,
આણેલા અવનવ આદેશ સુણાવતો,
ને સર્વસ્વ મૂકી ભાગતો.
રોકયો કદી યે રોકાયો નથી
છેલ્લી ઘડી સુધી તે.
એ તો ભવનો ભાગેડુ હતો.

વડિલે લગ્નનાં મુહૂર્ત લીધાં,
તો જઈ બેઠા ગંગાને કાંઠડે,
કાશીવિશ્વેશ્વરના વિશ્વવિખ્યાત ચોકમાં.
ઘાટના સંન્યાસીઓ કનેથી
સંન્યાસની ભાંગ પીધી,
ને ભરી લીધાં અંગોમાં ગંગોદક.
ઘેર પિતાનાં દાશરથી મૃત્યુ થયાં.

એમ લીધી જીવનભરની
એક બ્રહ્મચારીએ બ્રહ્મચર્યદીક્ષા.

ત્હેના જોબનપૂરને મોહ્યા હતા
મહાજનમ્હોડની લક્ષ્મીના યે દાસ.
ભામિનીઓથી ભડકેલો તે
અબળાને બલાખાતું ભાખતો,
પણ સૌન્દર્યનો હતો પરમ પૂજારી.
સંસારમાં સ્વર્ગની સુન્દરીઓ
અવતારવાના એના હતા કોડ.
રસિકવર માધવરાયજીનો પ્રતિહાર
હતો તે રસનો ઘાયલ રસિયો.

નિરન્તરનો નિસ્વાદુ તે
ભોજનની કવિતાઓ કલ્પતો,
અજબ વાનીઓના કાવ્યો રચતો.
તે વનચર હતો;
વનવનની વનસ્પતિઓમાં
તે ફરતો ને ચરતો,
ને ઉગતી ઔાષધીઓ આરોગતો.
એ તો પરિવ્રાજક હતો
અનન્તઆયુષી આર્યાવર્તનો.

તીર્થજલના કો ઘાટ,
શિખર શિખરનાં કો મન્દિર,

ગુફાઓ કે ગિરિમાલાઓઃ
એને એકકે અજાણ્યા ન હતા.
કાશ્મીરની કમનીય સરોવરકુંજો,
બદ્રીકેદાર ને અમરનાથના
બરફના રણુપગથાર,
સિન્ધુ બ્રહ્મપુત્રા ને ઇરાવતી,
ગંગા ગોદાવરી કે કાવેરી,
ધનુષ્યકોટી ને સાગરસેતુ,
કાંચનગંગા ને ધવલગિરિઃ
તે સર્વેના સનાતનત્વમાં
કરતો હતો પરમ દર્શન
ગુજરાતનો એ પરિવ્રાજક.

એને એકજ મોહ હતો,
એની જન્મભૂમિનો ને 'જી' નો
ચોરવાડની ચારુ વાટિકા કીધી એણે.
અણુછતાને છતું કીધું
ગુજરાતની ગૃહકુંજોમાં.

વતનને નામે રડતો તે લોકસભાઓમાં.
એ દેહનો તે આત્મા હતો,
એ પ્રાણની તે પ્રેરણા હતો.
સદ્ભાવ ને સત્કર્મના આંબા
વાવી ઉછરેલા હતા એણે.

તીર્થોના તીર્થ પરિમલ લાવી લાવી
પમરાવી હતી પરાગવન્તી
સૌરાષ્ટ્રના સાગરતીરની ચારુ વાટિકા.

ઘરઘરમાં ને ઉરઉરમાં ભર્યા હતા
એ પુણ્યધામોના પુણ્યભાવ.
ને પીધાં હતાં પ્રકૃતિમાતનાં ધાવણુ
એ કુદરતના બાલકે યે બહુમૂલાં.
વડાવનનું ગુણુગાંભીર્ય,
નાગરવેલની સુકુમારતા,
કદળીવનના સૌન્દર્યસોહાગ,
સહકારમાલાની પરોપકારિતા,
ઝુંડમાંનાં સાહસિક પૃથ્વીપર્યટન,
ચોરવાડને ઘેરી પડેલી
અર્ધચન્દ્રાકાર લીલોતરીની ટેકરીઓનાં
નિરન્તરનાં હરિયાળાં હાસ્ય;
મીઠી વાવોનાં અખૂટ ઝરણ;
એવી હતી ત્હેની યે આત્મવિભૂતિઓ.

મનનો તે હતો મહારાજાધિરાજ,
ભક્તાધીન ભૂધર જેવો
મિત્રોની મૈત્રીનો તે હતો મોળો.
કવિના અખાડાનો
તે પાટજોગી હતો.
આણેકને કહેતો રત્નોમાં રત્નરાણી.

ભક્તિ કર્મ ને જ્ઞાનમૂર્તિ સમોવડું.
જ્હેનું યે હતું ત્રિપુટિમંડલ.
ભજનની કેકાવલિ લલકારતો,
થનગન પ્રભુનૃત્યે નાચતો,
ઉરમાં દેવહિંડોલ ડોલાવતો,
આત્મામાં બ્રહ્મમસ્તી ઉભરાવતો
એ ખાખી ભક્તરાજ મોહનદાસજીઃ
ગરિબોને સાહિત્યજલ પાતો,
કર્મગંગામાં ડૂબકાં ખાતો-તરતો,
તેજસ્થંભ શો ઉજ્જવલ ને ભારખમો,
મોભી અડગનિશ્ચયી કૂટસ્થ શો
પરમ કર્મયોગી અખંડાનન્દજીઃ
ને જ્ઞાનગમ્મતમાં કલ્લોલતો તે.
હું તો ડોકિયાં કરી જતો,
ઝાંખી લેતો, અડધુંક આવતો.
એ તો તારાઓ મહાજલના.
તૂટયો ત્હેમનો એ ત્રિવેણીનો ત્રાગડો.

નરનારાયણી ભજમમંડલિનો
એ હતો ભોગી ભક્તરાજ.
અજબના એ અર્થ ઉકેલતો,
કૃષ્ણ બંસીના બોલ પારખતો,
સાગર સાથે વાતો કરતો,
ચોપાટીને મોહમયી આરે.

પાણુખાણોની પેલી પાર વતનમાં
ડફ્ફા દ્દહેરીના દ્વીપકલ્પને તીર
શિવમન્દિરની છાયામાં
બેસતો અડોલ ને અવ્યય,
ઝીલતો સાગરના સનાતન સન્દેશ,
ને સાધતો એમ સાગરસમાધિ.

ગહનતામાં તે નિહાળતો,
અનક્ષરી લેખ વાંચતો,
અનાહત શબ્દ સુણતો,
ને રહેતો એ મસ્તીમાં અલમસ્ત.
એકદા જગતનો પડદો સળક્યો,
ડોલ્યો, ને ઉપડવા લાગ્યો,
આકાશની ઝાલર સંકેલાશે લાગ્યું
ગહનતાનાં દર્શન કરાવવાને કાજ
પાગલતાની ખોની ભેખડધારે
લાગ્યું કે એક પાય હતો,
ને બીજો હતો અધ્ધર અન્તરીક્ષે
એ કોતરના મુખદ્વારમાં પડતો.
પડદાને ડોલતો થંભાવ્યો,
દુનિયાના ડાહ્યા રહ્યા યોગીજન,
જતાં કીધાં સદાનાં
વિશ્વગહનતાનાં તે ભેદદર્શન.

ઓ જગતના લોક ! બોલો,
આપણે એથી કમાયા કે ખોયું ?
કાલગંગાને ઉભય આરે
એના ઉંડા પાયા હતા,
જૂનાનવાનો તે સેતુ હતો.
કંઇ કંઇ વિદ્વાનમંડલિને
સાંકળતી તે મણિસાંકળ હતો.

એક દ્વીપ છે ન્હાનકડો
નર્મદાના વિશાલ જલપટમાં,
એની એક પાંખે વેદાભ્યાસી બરકાલ
ને બીજી પાંખે શુકદેવજી વિરાજે છે
પૃથ્વીની ભમ્મર જેવા ઉત્તુંગ કિનારે.
ગંગાનાથના અનુભવિયા યોગીન્દ્ર,
અતલ બ્રહ્મજલના તારા
બ્રહ્માનન્દજી પાસ દીક્ષા લઇ
વ્યાસના વનમાં સંચર્યો તે બ્રહ્મચારી.
નર્મદાના એ વ્યાસોદ્યાનમાં,
શુકદેવજીની છાયાપામરી ઓઢી,
સંકલ્પ કીધો અઢાર સ્વર્ગ રચવાનો.
એ ક્ષેત્ર વ્યાસક્ષેત્રની છાયા છે,
પ્રતિજ્ઞા એ વ્યાસપ્રતિજ્ઞાની છાયા રહી.
એ અભિલાષ અધુરા રહ્યા;
ગુજરાતના ભાગ્યની એટલી ઉગ્રુપ

એની દષ્ટી જ હતી અદ્દ્ભુત,
સ્વર્ગીય નયને તે જગતને જોતા.
આર્ય વિધવાની આરત હેણે સાંભળી,
ને હેમની દુ:ખસોહની વિમલતા યે
નિરખી હતી હેની આંખડલીએ.

જગન્નાથપુરિયાઓનો તે જોધ્ધો હતો.
પ્રેમ પ્રેમ ને પ્રેમ
હતો હેનો જીવનમન્ત્ર.
પંડિતોના પાંડિત્યધનનો
તે નિર્ધન હતો,
પણ અખંડ ઉછળતી
આત્માનુભવની હેની પાતાલગંગા.
સંન્યાસીની સામગ્રી સમા,
બુદ્ધના સૂત્રચતુષ્ઠય જેવા,
હેના યે હતા ચાર મહાસૂત્રો.

'બંદા ચકકમ, કે દુનિયા દિવાની?'
એમાં તરતી હેની નિરભિમાનતા.
'ચોક્કસ દરજ્જે'
એમાં વસતી હેની સત્યપ્રિયતા.
'પોલંપોલ': એમાં હતાં
હેના અનુભવના દર્શનવિવેક.
'ઝાડુસ્તોત્ર': એમાં પ્રગટતી

ત્હેની કર્મયોગની કર્તવ્યભાવના.
ત્હેની દિલસુફીના સિંહાસનના
એ ચાર પાવડાં.

ન્હાનકડા ગુજરાતના એ ન્હાનકડા બુદ્ધ
ત્હારે લોકભાષામાંજ બોધવું હતું :
પંડિતોની સભાભાષામાં નહિ,
પણ સ્ત્રી બાલકની કુલભાષામાં
ત્હારે લખવા હતા નવસત્યોના નવગ્રન્થો.
ત્હારી અક્ષરાવલિજ અનોખી,
જાણે અજ્ઞેયની કો નિગૂઢ લીપી.
તે અલૌકીકમાંજ રમતો,
ને અલૌકિકના દર્શન લૌકિક કરાવતો.

જગતને સ્વર્ગ દાખવતો
સંસારમાં ને સંસારથી પર.
તે અદ્‌ભુતમાંજ આનન્દતો,
ને અદ્‌ભુતને અવનીમાં ઉતારતો,
ભેદાવલિની ગહન ઘટાકુંજોમાં
તે ઉડતો, ને ઉડાવતો.
પરમ યોગનું પ્રથમ પદ,
પ્રાણ વિનિમયના ભેદદ્વાર
ઉઘડ્યા હતા ત્હેને કાજ.
જંગલની જડીબુટ્ટીઓ,

વૈદક વિજ્ઞાનના અગોચર અખતરા
તે શોધકને સુગમ હતા.

આત્મસત્યોની સીમમાં તે રખડતો,
કે જ્યહાં સ્થૂલની પાળો
અધ્યાત્મજલમાં ભળે છે.
બંસીમાં પ્રભુએ શું ગાયું ?
એ શોધવા મથતો,
મસ્તકવિધાના આછાઅધૂરા સૂચનથી
ભૂત ને ભવિષ્ય ભાખતો.

કવિતાની પાંખો ઉપર
ગહનતાના આરાઓમાં
સનાતન ભેદાવલિનાં ગીરમાં
ભમતો હતો અદ્ધર ને એકાકી.

પુરાણપ્રસિદ્ધ ઇતિહાસોજ્જ્વળ
સૌરાષ્ટ્ર ભવ્યતાઓની ભૂમિકા છે:
ગભીરાં ગીર ને ગરવો ગિરનાર,
સિંહ સાગર ને સોમનાથ,
યદુવંશની ને શ્રી કૃષ્ણની ભસ્મ,
લીલી નાઘેરની જલભર કુંજો:
એ કાલજૂની ભવ્યતાઓમાં તું
ભટકતો, ભોગવતો, ને ભોગવાવતો.

એમાં સૌમાં ગરુડ ઉડે
એમ તું ઉડતો વિશાળ પંખાળો,
ને ગિરિશિખરે ત્હારા માળા હતા.
ને એમ જ
રહેવું હતું ને ત્હારે ?
વાયુની લહરીની પેઠે છુટ્ટા,
ને વ્યોમ વીજળીની પેઠે નિર્બન્ધ ?
ગગનમાહે મેઘખંડ કો વિચરે,
પૃથ્વીપરના ગગન પડછાયા સમા
મહાસાગરે કો મહામોજ
ઘેરૂં ઘેરૂં ઘૂઘવતો ઘૂમે,
એમ ત્હારે યે ઘૂમવું હતું જગતમાં.

લગ્નનાં યે રસબન્ધન
ત્હેં ન સ્વીકાર્યાં જીવન ભરમાં,
પરમાર્થના કે લોકસેવાના યે
વ્રતબન્ધન ન લીધાં કદી પણ.
છેવટે દેહ બન્ધે ત્યાગ્યો
ત્હારા નિબન્ધ આત્માએ.

ઉડી ગયો આકાશના પડદા પાછળ,
અનન્તની વનઘટાઓમાં અદૃશ્ય.
નિર્બન્ધને પ્રેમના બન્ધે નવ હોય ?
કહે છે ને સહુ કે

પ્રેમ તો પ્રભુતા છે ?
ને કાલનાં ત્હારાં તેજ વધામણું!
સૂર્યલોકમાંથી ત્હારા તેજ નમસ્કાર!

ત્હારા દ્વાદશાની સ્હાંઝ હતી,
અમે મહાસાગરને આરે હતા,
તુજ સ્મરણોને સંભારતા હતા
ઘણાએ ત્હારે અણુદીઠેલું દીઠું.
વ્યોમ ભરી બાંધ્યો હતો મેઘચન્દરવો,
તેજના ગલ સરિખડો
સંતાયેલો હતો માર્તંડ મેઘ પટલમાં.
બજતી હતી ઘેરી ઘેરી
સાગરની સનાતન કરતાલ
અમ્બોધિની રૂપેરી ફેનિલઝીનારી શિવાય
જલ પગથાર ગગનપાટને અન્તરીક્ષ
કૃષ્ણરંગી હતાં મેઘશ્યામ.

દૂર દૂર મીત્ર સાગરને સીમાડે,
લહરતી હતી તેજ ભૂમિકા,
રૂપાની વાડીઓ સરિખડી.
તેજ કુંજોની કુંપળરેખા સમી
ફરકતી હતી જલોર્મિની પાંદડીઓ ત્યહાં.
સાનન્દાશ્ચર્યથી અમે સૌ એને
અનિમિષ નેને નિરખી રહ્યા

જાણે આંખલડીના આમન્ત્રણનો ઉત્તર હોય,
જાણે અમારી આશાના આગમન હોય,
જાણે હિમાદ્રિના હિંમ પમથારમાંથી
ગંગોદકની સહસ્ત્રધારા વરસતી હોયઃ
વાદળ છાંયડીના વહતા પૂરની પેઠે
જગત સીમાન્તેથી વહી આવ્યો
તે તેજ ભૂમીકાનો પૂર પ્રવાહ,
ને શામળા સાગર જલ ઉપર
સરિતાના રજતપટ સમોવડો
વિશાળ તેજપાટ પાડ્યો
મેધાડમ્બરે યે કોર સંકોરી ઘડીક,
ને એ ભર્ગનાં દર્શન કરાવ્યાં લગીર
કે જેને જગજ્જનો પૂજે છે
જગતના જન્મકાળથી
એમને વધાવી વહી ગઇ
તે તેજગંગાની ઉછળતી છોળ.

જાણે મૃત્યુએ પળેક પડદો ઉપાડ્યો,
જાણેક જરીક ત્હારૂં પોપચું ઉઘડ્યું,
ને ત્હારી તેજ મીટના એક ઝટકાએ
વધાવ્યા, તેજ સ્નાન કરાવ્યા.
એમ લાગ્યું કે અવનીમાંના અમને કે
ત્હારા આત્માતત્વે દર્શન દીધાં જાણે
એ સૂર્ય લોકના તેજ કીનારેથી.

પણ પૃથ્વીવાસીનાં પુણ્યોદય
અનિત્ય જ છે હમેશનાં:
પંખીની ઉડતી પાંખના ચમકારા શા.
તે સિધાવ્યો સાધુવર
મનુષ્યમાંથી દેવમંદિલમાં,
અનિત્યમાંથી નિત્યધામમાં,
જગતમાંથી જગન્નાથમાં,
માયામાંથી પરબ્રહ્મમાં.

યોગીઓની યોગ ગુફાઓ
ખાલી-ખાલી શી છે ઉજ્જયની ઉપર,
ગગન ગહ્વર શા ગરુડના માળા
સૂના-સૂના છે દહેરીઓ સમા,
ફૂટેલા કાનની બખોલો જેવા.
સિંહની બોડમાં બ્હારવટિયા
ભરાય છે ને મરાય છે.

મહાત્માઓ નથી એ વનમ્હેલોમાં.
સૌરાષ્ટ્રીઓ ! સૌ સુણજો
મનુકુલનો આ મહા પોકાર,
ઉંડું ઉંડું અન્તરમાં આલોચજો:
આજ ગ્રીષ્મમાં ગીરનાર દૂઝતો ન્હોતો.
ફૂટેલા લોચનો સરિખડા
જલકુંડો જલખાલી હતા,

પૃથ્વીના સૂકાએલા સ્તન સમા
શિખરોની હૃદયસેરો ન્હોતી વહતી,
વસૂકી ગઇ હતી ગિરનારની કામધેનુ.
ગિરિવાસીઓ ગિરિ ઉપર
પાણી તલેટીમાંથી ચ્હડાવતા.
સૌરાષ્ટ્રીઓ! શિખરો સૂકાય છે,
ગૌમુખી ગંગાનાં વ્હેણ તૂટયાં છે.
દેવશિખરો સૂનાં સમાં છે,
મન્દિરોમાં મહાત્માઓ નથી.
સોરઠ સાધુ સૂનો થતો જાય છે.

ને એ અમૃત મોરલો યે
ઉડી બેઠો અનન્તને આંબલિયે
એની ઘેરી મધુરી કેકા ટહૂકી
એ જીવનપુરાણે સમાપ્ત થયું.
ચારુ વાટિકાનો ચારૂત્તમ
સિધાવ્યો તે સૌરાષ્ટ્રનો સાધુરાજ
અહાલેક ઉચ્ચારતો અલખની મઢીઓમાં.

૩૦ મી જુલાઇ ૧૯૧૯:
ત્રયોદશીની વહેતી તિથિએ.

# વિચાર રત્નો.

" મેં જે ભોગવ્યું તે હું કમાયો, જે બચાવ્યું તે મેં ખોયું અને મેં જે દાન કર્યું તે મારી પાસે છે."

× × × × ×

" સ્વર્ગ એટલે મહાત્માઓ કબુલ રાખે તેવું ઉંચામાં ઉંચી જાતનું સુખ, સ્વર્ગ એટલે અંતરાત્માને તૃપ્તિ થાય તેવી સ્થિતિમાં રહેવું તે, અને સ્વર્ગ એટલે પ્રભુમય જીવન તથા પ્રભુ પોતે. "

× × × × ×

" પ્રેમ એ સ્વર્ગનું રત્ન છે; જ્ઞાન સ્વર્ગનું રત્ન છે; કર્તવ્ય એ સ્વર્ગનું રત્ન છે; ભ્રાતૃભાવ એ સ્વર્ગનું રત્ન છે; વખત એ સ્વર્ગનું રત્ન છે; સ્વમુખારસણ એ સ્વર્ગનું રત્ન છે; સત્યધર્મ એ સ્વર્ગનું રત્ન છે અને મહાત્માઓના જીવનમાં જીવતાં શીખવું એ સ્વર્ગનું રત્ન છે."

* * * * *

" શુભેચ્છા રાખવી, સારી વર્તણુક રાખવી, ઉંચ હેતુઓથી કામ કરવું અને પોતાના બંધુઓની તથા દેશની સેવામાં રોકાયલા રહેવું એ સ્વર્ગની સીડીનું સહેલામાં સહેલું, પહેલામાં પહેલું અને છેલ્લામાં છેલ્લું પગથીયું છે. "

**સ્વ. પઢીયાર.**